<table>
<tr><td rowspan="5">GJBK010010092026</td><td rowspan="5">સત્યમેવ જયતે</td><td>દાખલ તારીખ</td><td colspan="3">૧૦/૦૩/૨૦૨૬</td></tr>
<tr><td>રજીસ્ટર્ડ તારીખ</td><td colspan="3">૧૦/૦૩/૨૦૨૬</td></tr>
<tr><td>નિકાલ તારીખ</td><td colspan="3">૧૬/૦૩/૨૦૨૬</td></tr>
<tr><td rowspan="2">સમય ગાળો</td><td>વર્ષ</td><td>માસ</td><td>દિવસ</td></tr>
<tr><td>૦૦</td><td>૦૦</td><td>૦૬</td></tr>
</table>

---

**પાલનપુરના મહે. ત્રીજા અધિક સત્ર ન્યાયાધીશ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મું. પાલનપુર.**
**ક્રિ.પર.અ.નં. ૨૬૬/૨૦૨૬**

---

**આંક.**

ભલસિંહ જેતુંસિંહ વાઘેલા
ઉ.વ. આ. ૨૯, ધંધો. ખેતી,
રહે. રામનગર, રામસીડા છાપરા,
તા. દાંતીવાડા, જિલ્લો. બનાસકાંઠા.
હાલ રહે. સબ જેલ, પાલનપુર. **....અરજદાર**

**વિરૂધ્ધ**

શ્રી સરકાર
જિલ્લા સરકારી વકીલશ્રી પાલનપુર. **....સામાવાળા**

---

અરજદાર તરફે વિ.વ.શ્રી વી. બી. રામસેના.
શ્રી સરકાર તરફે એડી. પી. પી. શ્રી જે. એસ. પટેલ.

---

**બાબત: –** બી. એન. એસ. એસ. ની કલમ ૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન મેળવવા અંગે..

---

**:– ચૂકાદો –:**

(૧) આ કામના અરજદાર/આરોપી વિરૂધ્ધ પાલનપુર તાલુકા પો. સ્ટે. ગુ. રજી. નં. ૧૧૧૯૫૦૩૫૨૫૧૨૪૭/૨૦૨૫, ધી પ્રોહી. એકટની કલમ ૬૫(એ), ૬૫(ઇ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ મુજબનો નોંધાયેલ છે અને હાલમાં તેઓ જયુડીશ્યલ કસ્ટડીમાં છે તેથી અરજદાર/આરોપીએ હાલની આ અરજી બી. એન. એસ. એસ. ની કલમ ૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન મેળવવા દાખલ કરેલ છે.

(૨) અરજદાર/આરોપીની અરજી અન્વયે આ કામના સામાવાળાને નોટીસ કરતાં સામાવાળા તરફે વિ. એડી. પી. પી. શ્રી જે. એસ. પટેલ આંક. ૦૫ ની પુરસીસથી હાજર થયેલ છે.

(૩) અરજદાર/ આરોપીની અરજી અન્વયે આ કામના ત.ક.અ.શ્રી એ આંક.૦૭ થી પોતાનું સોગંદનામું રજૂ કરેલ છે જેમાં તેઓએ અરજદારની અરજીનો વિરોધ કરેલ છે અને તેમણે અરજદારને જામીન મુકત ન કરવા માટે વિનંતી કરેલ છે.

(૪) અરજદાર/આરોપી તરફે વિ. વ. શ્રી વી. બી. રામસેનાને સાંભળ્યા. તેઓ તેમની રજૂઆતમાં જણાવે છે કે, આ કામના અરજદાર નિર્દોષ છે. તેમણે કહેવાતો કોઈ ગુનો કરેલ નથી. ફરીયાદમાં તેનું નામ નથી. માત્ર ગાડીના ચાલક તરીકેનો આક્ષેપ છે. સ્થળ ઉપર તેની હાજરી નથી. જે મુદ્દામાલ કબજે લીધેલ છે તે બિનવારસી કબજે કરેલ છે. તેની પાસેથી કોઇ જ મુદ્દામાલ કબજે કરેલ નથી. તેનો કોઈ ગુનાહિત ઈતિહાસ નથી. તે તા.૦૫/૦૩/૨૬ થી જયુડી.કસ્ટડીમાં છે. તે જામીન આપવા માટે પણ તૈયાર છે. અદાલત તેને જામીન મુકત કરતી વખતે જે શરતો ફરમાવશે તે શરતોનું પાલન કરવા પણ તૈયાર છે. ગુનો મેજીસ્ટ્રેટ ટ્રાયેબલ છે તેમ જણાવી તેમણે અરજદાર/આરોપીને જામીન મુકત કરવા માટે રજૂઆત કરેલ છે.

(પ) સામાવાળા શ્રી સરકાર તરફે વિ.એડી. પી. પી. શ્રી જે. એસ. પટેલને સાંભળ્યા. તેઓ તેમની રજૂઆતમાં જણાવે છે કે, આ કામે પોલીસ સ્ટાફના માણસો વાહન ચેકીંગની કામગીરીમાં હતી તે દરમ્યાન હાલના આરોપી બલેનો ગાડીના ચાલક તથા તેની બાજુમાં બેઠેલ ઇસમે સહ આરોપી પાસેથી દારૂ મંગાવી હાલના અરજદાર/આરોપીએ પોતાના કબજા ભોગવટા વાળી ગાડીમાં પાછળની શીટમાં તથા ડીકકીમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ મળી આવતા ગાડી મુકી નાસી જઇ ગુનો કરેલ છે અને તે પોલીસ તપાસ દરમ્યાન મળી આવેલ છે. આમ આ કામના આરોપીની સ્પષ્ટપણે ગુનામાં સંડોવણી હોવાથી તેને જામીન મુકત નહીં કરવા તેમણે રજૂઆત કરેલ છે.

(૬) બંનેની દલીલો ધ્યાને લીધી. એફ.આઈ.આર. વંચાણે લીધી. ત.ક.અ.શ્રીનું સોગંદનામું ધ્યાને લીધું. આ કામે એફ.આઈ.આર.માં આરોપીનું નામ નથી. આ કામના આરોપીએ ગાડીના ડ્રાઈવર છે. તેઓ કયાંય નાસી ભાગી જાય તેમ નથી. કુટુંબ કબીલા વાળા માણસ છે. તેમના કુટુંબની જવાબદારી તેમની ઉપર છે અને ટ્રાયલ ચાલતા લાંબો સમય થાય તેમ હોવાથી તેમજ બાકીની તપાસ આરોપીની ગેરહાજરીમાં પણ ત.ક.અ.શ્રી પૂર્ણ કરી શકે તેમ છે. તેમજ સજા અંગેની જોગવાઈ ધ્યાને લીધી. તેની ઉંમર ધ્યાને લીધી. આ કામે કેસ મેજી.ટ્રાયબલ છે. આરોપી તા.૦૫/૦૩/૨૦૨૬ થી જયુડી.કસ્ટડીમાં છે. આરોપી વિરુધ્ધની તપાસ લગભગ પૂરી થઈ ગયેલ હોવી જોઈએ. સજા અંગેની જોગવાઈ ધ્યાને લેતાં, તેને શરતોને આધિન જામીન પર મુકત કરવો યોગ્ય જણાતું હોવાથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:- હુ ક મ -:**

(૧) અરજદાર/આરોપીની પ્રસ્તુત જામીન અરજી આથી મંજૂર કરવામાં આવે છે.

(ર) અરજદાર/આરોપી ભલસિંહ જેતુંસિંહ વાઘેલા નાઓને પાલનપુર તાલુકા પો. સ્ટે. ગુ. રજી. નં. ૧૧૧૯૫૦૩૫૨૫૧૨૪૭/૨૦૨૫, ધી

પ્રોહી. એકટની કલમ ૬૫(એ), ૬૫(ઇ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ મુજબના ગુનાના કામે રૂા. ૨૫,૦૦૦/-(અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા) ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમનો જાત-મુચરકો અદાલત સમક્ષ આપ્યેથી નીચેની શરતોને આધિન જામીન પર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**-: શરતો :-**

૧. અરજદાર/આરોપીએ કેસની ટ્રાયલ ચાલતાં સુધી ભારત દેશની હદ છોડવી નહીં.

૨. અરજદાર/આરોપી પાસપોર્ટ ધરાવતા હોય તો તાત્કાલિક રજૂ કરવો અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે અંગેનું સોગંદનામું અદાલતમાં રજૂ કરવું.

૩. અરજદાર/આરોપીએ ફરીયાદપક્ષના સાહેદોને ધાક-ધમકી આપવી નહીં, સાક્ષીઓને ફોડવાના પ્રયત્નો કરવા નહીં કે, ફરીયાદપક્ષના પુરાવા સાથે ચેડા કરવા નહીં.

૪. અરજદાર/આરોપીએ જામીન મુકિતની સ્વતંત્રતાનો કોઇપણ રીતે દરુપયોગ કરવો નહીં કે, કોઇ ગેરલાભ ઉઠાવવો નહીં કે, ફરીયાદપક્ષ ના કેસને પ્રતિકૂળ અસર થાય તેવું કોઇ કૃત્ય કરવું નહીં.

૫. અરજદાર/આરોપીએ અન્ય કોઇ પ્રકારની ગુનાહિત પ્રવૃત્તિ કરવી નહીં કે, પોતાની જાતને કોઇપણ ગુનાહિત પ્રવૃત્તિ સાથે સાંકળવી નહીં.

૬. અરજદાર/આરોપીના રહેણાંકનું કાયમી સરનામું, ફોન નંબર સહિત તેમના જામીનદારે જાહેર કરવું.

૭. અરજદાર/આરોપીએ કેસની ટ્રાયલ દરમ્યાન અદાલત સમક્ષ નિયમીત હાજર રહેવું.

૮. અરજદાર/આરોપીએ ચાર્જશીટ ન થાય ત્યાં સુધી સંબંધિત પોલીસ સ્ટેશનમાં તા. ૧ થી ૫ અને ૧૫ થી ૨૦ દરમ્યાન કોઈપણ એક દિવસે હાજરી પુરાવવી.

૯. ઉપરોકત શરતો પૈકી, કોઈપણ શરતનો ભંગ થશે તો, અરજદાર / આરોપીની જામીન–મુક્તિનો હુકમ આપોઆપ રદ થયેલો ગણાશે.

હુકમ લગત, સંબંધિત કોર્ટને તથા પો.સ્ટેશનને જરુરી યાદી કરવી. હુકમ આજરોજ ખુલી અદાલતમાં વાંચી સંભળાવીને જાહેર કર્યો.

મું. પાલનપુર.
તા. ૧૬/૦૩/૨૦૨૬

**(પીયૂષકુમાર અશોકભાઈ પટેલ)**
ત્રીજા એડિશનલ સેશન્સ જજ,
બનાસકાંઠા–પાલનપુર.
કોડ નં.જી.જે.૦૦૮૦૩